# ગાંધીનગરમાં અદ્યતન વન્યજીવ સારવાર કેન્દ્ર વિકસાવવા માંગ

**પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટના નેજા હેઠળ શહેરના પ્રકૃતિપ્રેમીઓ તેમજ જીવદયાપ્રેમીઓ દ્વારા વનમંત્રીને આવેદન પત્ર આપવામાં આવ્યું : ધારાસભ્ય અને મેયર સહિત અનેક મહાનુભાવો અને સ્વૈચ્છિક સંસ્થાઓએ પણ વાઈલ્ડલાઈફ કેર સેન્ટર વિકસાવવાની માંગને સમર્થન આપ્યું**

ગાંધીનગર, તા.૧૧

પાટનગર ગાંધીનગર એક સમયના જંગલ વિસ્તારમાં વિકસાવાયું છે, અહીંની વનરાજીમાં રાષ્ટ્રીય પક્ષી મોરથી લઈને સમડી, ઘુવડ, બાજ, કાંકણસાર, કલકલિયો અને ચાતક સહિતના અનેક પ્રજાતિના દુર્લભ પક્ષીઓ ઉપરાંત નીલગાય, વાંદરા, શિયાળ, શેરો, શાહુડી, સસલાંથી માંડીને ક્યારેક દીપડાં જેવા વન્ય પ્રાણીઓ તેમજ અજગર, નાગ, કાળોતરાં, ખડચીતરા સહિતના સરીસૃપો વગેરે વન અધિનિયમ હેઠળ આરક્ષિત પ્રાણી-પક્ષીઓ જેવાં દુર્લભ વન્યજીવો મુક્ત પણે વિચરે છે. પાટનગરના વિસ્તરણ, ઝડપથી વધી રહેલો માનવ વસવાટ જેને કારણે વધી રહેલો વાહનવ્યવહાર અને અનેકવિધ પ્રકારના વિકાસ કાર્યોને પગલે વધી રહેલાં કોંક્રીટના જંગલ સાથે સતત વૃક્ષછેદનથી ઘટી રહેલી વનરાજીમાં આ વન્યજીવો મોટી સંખ્યામાં વારંવાર અકસ્માતોનો ભોગ બની રહ્યાં છે. આ વન્યજીવોને આવા મુશ્કેલીના સમયે સારવાર આપી બચાવવા શહેરમાં પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ સહિત તેની સહયોગી સંસ્થાઓના સ્વયંસેવકો દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન દિવસ-રાત જોયાં વગર બચાવકાર્યની સેવા પુરી પાડવામાં આવે છે પરંતુ ગાંધીનગરમાં વાઈલ્ડલાઈફ કેર સેન્ટરના અભાવે ઘણીવાર આ વન્યજીવોને બચાવવા મુશ્કેલ બને છે તેથી સંસ્થા દ્વારા આજે રાજ્યના કેબિનેટ વનમંત્રી મુળુભાઈ બેરા અને રાજ્યકક્ષાના વનમંત્રી મુકેશભાઈ પટેલને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું જેમાં સત્વરે ગાંધીનગરમાં અદ્યતન વન્યજીવ સારવાર કેન્દ્ર વિકસાવવા માંગ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છેકે રેસક્યુ સેવા દરમ્યાન સ્વયંસેવકો દ્વારા વન્યજીવોને બિમારી, અકસ્માતે ઈજાગ્રસ્ત અથવા કોઈ મુશ્કેલીમાં ફસાયેલાં જેમકે ઊંડા અવાવરૂં કુવામાં પડી જવું, મકાનો કે વૃક્ષની ડાળીમાં લટકતી ચાઈનીઝ દોરીમાં ફસાઈ જવું વગેરે જેવા અનેક પ્રકારના કિસ્સામાં તેમનું રેસક્યુ કરીને તેમને જરૂરી સારવાર અપાવી ફરીથી મુકત કરાતા હોય છે, પરંતુ તેમ છતાં ઘણીવાર ગંભીર ઈજાગ્રસ્ત વન્યજીવોને સારવાર માટે તુરંત અમદાવાદના બોડકદેવ ખાતેના વાઈલ્ડ લાઈફ કેર સેન્ટર પર લઈ જવાની ફરજ પડે છે જે સંસ્થાના સ્વયંસેવકો પોતાના સમય અને ગાંઠના ખર્ચે લઈને તુરંત વાહન ભાડે કરીને લઈ જાય છે. જોકે આવા કિસ્સામાં ઘણીવાર સમયસર સારવાર ના મળવાને કારણે વન્યજીવ રસ્તામાં જ તેનો જીવ ગુમાવી બેસે છે જેથી સઘળાં પ્રયાસો અને મહેનત બેકાર જાય છે અને ઉપરથી જીવ ગુમાવ્યાંનુ દુઃખ પણ થાય છે. આજે પ્રકૃતિપ્રેમીઓ અને વન્યજીવ પ્રેમીઓ દ્વારા વનમંત્રીને આપવામાં આવેલા આવેદન પત્રમાં રજુઆત કરી છે કે "ગુજરાત રાજયના હરિયાળા પાટનગર ગાંધીનગરમાં ઘણાં ખરા દુર્લભ વન્ય જીવો, પ્રાણી અને પક્ષીઓનું કાયમી રહેઠાણ છે, તેમજ તેઓ અહીં મુકતપણે વિચરતા હોય છે જેને કારણે ઘણી વાર વન્ય જીવો અકસ્માત અથવા બિમારીનો ભોગ બને છે.

આવા સંજોગોમાં ગાંધીનગર ખાતે સક્રિય "પ્રવૃત્તિ યુવા સેવા ટ્રસ્ટ" સંસ્થા દ્વારા વર્ષના ૩૬૫ દિવસ દરમ્યાન રેસક્યુ કરીને તેમને જરૂરી સારવાર અપાવી ફરીથી મુકત કરાતા હોય છે, ગાંધીનગરમાં વન્ય જીવો સારવાર કેન્દ્ર ન હોવાને કારણે ઘણીવાર વન્ય જીવોનું મૃત્યુ થતું હોય છે. નજીકમાં અમદાવાદ ખાતે તેઓને સ્થળાંતર કરાવતા ઘણીવાર રસ્તામાં પણ આ વન્ય જીવો પોતાનો પ્રાણ છોડી દેતા હોય છે. આવા સંજોગોમાં ગાંધીનગર ખાતે વન્ય જીવો માટે અદ્યતન સુવિધાઓવાળું સારવાર કેન્દ્રે તાત્કાલિક ધોરણે ચાલુ કરવામાં આવે તેવી અમારી લાગણીઓ છે. આ અંગે ઝડપી કાર્યવાહી થઈ અને યોગ્ય નિર્ણય લેવાય તેવી આપને અમારી નમ્ર વિનંતી છે."

અત્રે ઉલ્લેખનીય છે કે પ્રકૃતિ પ્રેમીઓની આ માંગણીને અનુલક્ષીને ગાંધીનગરના કેટલાક મહાનુભાવો જેવા કે ધારાસભ્ય રીટાબેન પટેલ, મેયર હિતેષભાઈ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, શહેર ભાજપ પ્રમુખ રૂચિર ભટ્ટ તેમજ કેટલાંક વર્તમાન અને પૂર્વ નગરસેવકો, સેવાકીય કાર્યો કરતી ઘણી બધી સંસ્થાઓ જેવી કે હેપ્પી યુથ કલબ, શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટ, મા એનિમલ ફાઉન્ડેશન, ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગાંધીનગર ચમકાવવું છે - જીસીસી ગૃપ, પ્રાર્થના ચેરીટેબલ ટ્રસ્ટ વગેરેએ પણ ભલામણ પત્રો લખીને ગાંધીનગરમાં વાઈલ્ડલાઈફ કેર સેન્ટર શરૂ કરવાની માંગને સમર્થન આપ્યું છે. આ રજુઆતને વનમંત્રીઓ દ્વારા પણ હકારાત્મક પ્રતિસાદ આપવામાં આવ્યો છે જેને પગલે ગાંધીનગર નજીકના સમયમાં એક અદ્યતન વન્યજીવ સારવાર કેન્દ્ર શરૂ થઈ શકે છે.




## એપ્રિલ માસમાં જ ૫૦થી વધુ વન્યજીવો ઇજાગ્રસ્ત થયાં

ગાંધીનગરમાં પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ અને તેની સહયોગી સંસ્થાઓ દ્વારા બારેમાસ દરેક ઋતુમાં પણ દિવસ-રાત કોઈપણ સમયે વન્યજીવો સહિત અબોલ પ્રાણીઓ-પશુ-પંખીઓ અને સરીસૃપો માટે વિના મૂલ્યે રેસક્યુ સેવા આપવામાં આવે છે. દિવસ દરમ્યાન રક્ષિત એટલે કે શિડ્યુલ્ડ બર્ડ કે એનિમલના સરેરાશ ત્રણેક કોલ્સ અને સરીસૃપોને લગતાં પાંચેક કોલ્સ હોય છે. આ સંસ્થાઓના સ્વયંસેવકો વનવિભાગ અને ફાયર બ્રિગેડને પણ તેમના રેસ્કયુ કાર્યોમાં મદદરૂપ થાય છે. એપ્રિલ માસના પ્રથમ સપ્તાહમાં હાથ ધરાયેલાં ૫૦ જેટલાં વન્ય જીવોના રેસ્કયુ સેવા કાર્ય દરમ્યાન જે ગંભીર રીતે ઈજાગ્રસ્ત કે બિમાર વન્યજીવને બોડકદેવ વાઈલ્ડલાઈફ કેર સેન્ટર ખાતે સારવાર માટે લઈ જતાં રસ્તામાં જ જીવ ગુમાવ્યાં છે તેમાં ૩ નીલગાય, ૨ વાંદરા, ૧ કલકલીયો, ૧ સમડી તેમજ સાપમાં ૨ કાળોતરા અને ૧ નાગનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છેકે ગાંધીનગરમાં પહોળા રાજમાર્ગોને ક્રોસ કરવામાં અનેક વન્યજીવો જેવાં કે સાપ, વાંદરા, શિયાળ અને નીલગાય વગેરે વારંવાર અકસ્માતનો ગંભીર રીતે ભોગ બને છે જેને તાત્કાલિક સારવાર ના મળતાં બચાવી શકાતાં નથી.

# સેન્ટ્રલ યુનિવર્સિટી ખાતે "શાંતિ અને ટકાઉ ભવિષ્ય માટે શિક્ષણ" વિષયે વૈચારિક સત્ર યોજાયું




ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર ખાતેની સેન્ટ્રલ યુનિવર્સિટી ઑફ ગુજરાત સંલગ્ન સ્કૂલ ઑફ એજ્યુકેશન સીએસઆરઈ દ્વારા તા. ૧૦મી એપ્રિલ, ૨૦૨૩ના રોજ સવારે ૧૧:૦૦ થી ૧:૩૦ વાગ્યા સુધી "શાંતિ અને ટકાઉ ભવિષ્ય માટે શિક્ષણ" પર એક વૈચારિક સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. સત્રમાં અતિથિ વક્તા અરુણાચલ પ્રદેશના ઈટાનગરની રાજીવ ગાંધી યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશનના પ્રો. જયદેવ સાહૂએ આધ્યાત્મિક શબ્દ "ઓમ"થી પોતાની વાતની શરૂ કરી શિક્ષણની વર્તમાન સ્થિતિ અંગે ચર્ચા કરી હતી. તેમણે વૈશ્વિક શાંતિ અને ટકાઉ ભવિષ્ય પ્રાપ્ત કરવા માટે સર્વગ્રાહી શિક્ષણ, યોગ્ય જ્ઞાન અને યોગ્ય માનસિક ક્ષમતાઓના મહત્વ પર ભાર મૂક્યો હતો. વધુમાં, તેમણે યોગ્ય માનસિક ક્ષમતાઓને વધારવા માટે રાજયોગ (ધ્યાન) સાથે સંકલિત લિવિંગ વેલ્યુ એજ્યુકેશન પ્રોગ્રામ (ન્ફઈ)ના મહત્વ પર ભાર મૂક્યો હતો. ધ્યાન એ નવા વિચારો પેદા કરવા અને યોગ્ય માનસિક ક્ષમતાઓ પેદા કરવાની શ્રેષ્ઠ રીત છે.

આ પ્રસંગે સેન્ટ્રલ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો. પ્રો. રમાશંકર દુબેએ મદન મોહન માલવિયાના શિક્ષણ અને વ્યક્તિગત વ્યક્તિત્વના સર્વાંગી વિકાસ પરના વિચારોનો ઉલ્લેખ કરતાં કહ્યું કે માલવીયજીએ શિક્ષણનો હેતુ માણસના માનસિક, આધ્યાત્મિક અને શારીરિક વિકાસને ગણાવ્યો હતો. વધુમાં જણાવ્યું હતું કે માણસ અને પ્રકૃતિ સુમેળમાં રહે છે. માણસ અને પ્રકૃતિ વચ્ચે સહઅસ્તિત્વ છે. સ્વામી વિવેકાનંદ અને સમ્રાટ અશોક જેવા તમામ ભારતીયો શાંતિ અને અહિંસાના મહત્વમાં માનતા હતા.

# આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત રાજ્યમાં પ્રદર્શન યોજવા રૂ. ૨૫,૦૦૦ની સહાય અપાશે

ગાંધીનગર, તા.૧૧

રાજ્યમાં પેઈન્ટિંગ, ગ્રાફિક્સ, છબિકલા, તથા શિલ્પકલા સાથે જોડાયેલા નાગરીકોને પ્રોત્સાહન આપવાના હેતુથી રમતગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી દ્વારા તેમની કલાનું પ્રદર્શન યોજવા માટે આર્થિક સહાય આપવામાં આવે છે. ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી સંદર્ભે કલાકારોની કલાકૃતિઓનાં વ્યકિતગત/સામુહિક કલા પ્રદર્શન ગુજરાતમાં યોજવા માટે મહત્તમ રૂ. ૨૫૦૦૦/- આર્થિક સહાય આપવામાં આવે છે તેમ લલિત કલા અકાદમી સચિવશ્રીની યાદીમાં જણાવાયું છે. યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર, રાજ્યના એ કલાકારો કે જેમણે આર્ટ ટિચર્સ ડિપ્લોમા, ડિપ્લોમા ઈન ફાઈન આર્ટ્સની શૈક્ષણિક લાયકાત મેળવી હશે અથવા જે કલાકારે તેમની કલાકૃતિઓનું ઓછામાં ઓછુ એક વૈયકિતક/સામુહિક પ્રદર્શનનું આયોજન કર્યુ હશે તેવા કલાકારો આ યોજના માટે અરજી કરી શકશે. અરજીફોર્મ સાથે કલાકારે તેમનો પાસપોર્ટ સાઈઝનો ફોટો અને આધારકાર્ડ/ચુંટણીકાર્ડની નકલ ફરજીયાત રજુ કરવાની રહેશે.

નિયમો તથા નિયત અરજીપત્રક સચિવશ્રી, ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી, રવિશંકર રાવળ કલા ભવન, ભાઈકાકા ભવન સામે, લૉ ગાર્ડન, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬ના સરનામેથી રૂબરૂ(રજાના દિવસો સિવાય) અથવા lalitkalaacademy.gujarat.gov.in પરથી મેળવી શકાશે. જેમાં વિગતો ભરીને તારીખ ૧૫ મે-૨૦૨૩ સુધીમાં ઉપરના સરનામે પરત મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. વધુ વિગતો માટે લલિત કલા અકાદમીનો રૂબરૂ અથવા ફોન નં. ૦૭૯-૨૬૪૨૫૫૬૨ ઉપર સંપર્ક કરી શકાશે તેમ લલિત કલા અકાદમી સચિવશ્રીની યાદીમાં જણાવાયું છે.



સહજાનંદ સીટી,કુડાસણ ખાતે આનંદનો ગરબો યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી માતાજીના ગરબા નો લાભ લીધો હતો.

## કસ્તુરબા અને સરદારસિંહ રાણાના જન્મદિન નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત વિધાનસભાના પોડિયમ ખાતે પૂજય કસ્તુરબા ગાંધી તથા સરદારસિંહ રાણાના જન્મદિવસ નિમિત્તે તેમના તૈલચિત્રોને વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી, કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ સહીત સામાજિક ન્યાય અધિકારીતા અને મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરિયાએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી.



વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીએ બંને મહાનુભાવોને શ્રદ્ધાસુમન અર્પણ કરતા કહ્યું આઝાદીની ચળવળમાં પૂજ્ય કસ્તુરબા અને સરદારસિંહ રાણાનો સિંહફાળો રહ્યો હતો. કસ્તુરબા સાક્ષાત જગદંબા હતા. તેઓ સંપૂર્ણપણે દેશ પ્રેમની ભાવના ધરાવતા અને વિલાયતી દવાઓ કરતા નેચરોપેથીમાં વિશ્વાસ કરતા હતા. કસ્તુરબા ગાંધીજી સાથે આઝાદીની ચાવળમાં જોડાયા અને સાત્વિક જીવન પણ જીવ્યા. તેમનામાં ગાંધીજી જેટલી જ દેશભક્તિ રહેલી હતી. ગુજરાતના સુપુત્ર એવા સરદારસિંહ રાણાએ વિદેશમાં જઈ ક્રાંતિવીરોને દેશની આઝાદી માટે તૈયાર કર્યા હતા અને તેમનું સંપૂર્ણ જીવન દેશ માટે અર્પણ કર્યું હતુ જેની નોંધ દરેક નાગરિકે અચૂકથી લેવી જોઈએ. કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે સરદારસિંહ રાણાના આઝાદીકાળના પ્રસંગોને યાદ કરતાં જણાવ્યું હતુ કે, ક્રાંતિકારી, સ્વાતંત્ર્ય સૈનિક સરદારસિંહ રાણા શ્રી શ્યામજી કૃષ્ણ વર્માના પરિચયમાં આવતાં આઝાદીના રંગે રંગાયા હતા. તેઓએ વર્ષ-૧૯૦૭માં જર્મનીમાં ભરાયેલ આંતરરાષ્ટ્રિય સમાજવાદી પરિષદમાં હાજર રહીને મેડમ કામા સાથે સૂર્ય-ચંદ્રના નિશાનવાળો હિન્દનો પ્રથમ રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો હતો.



નવી શિક્ષણ નીતિમાં કરાયેલી વિશેષ જોગવાઈઓ વચ્ચે ગાંધીનગર શહેરમાં જ બાળકો શાળાને સુવિધાથી વંચિત હોય તે વાતને જાણે વાચા આપતા હોય એમ ગાંધીનગરના નાના ભૂલકાઓ ફૂટપાથ પર બેસી પોતાના અભ્યાસમાં તલ્લીન બની અને વ્યસ્તતા વચ્ચે પણ અહીં બાળકો અભ્યાસ કરી રહ્યા છે."શાળા અમારી તીર્થ ભૂમિ જ્ઞાનગંગા જ્યાં વહે" તે ઉકતી ને સાર્થક કરતા આ બાળકોની તસ્વીર ગુજરાતના ગ્રામીણ વિસ્તારમાં શું સ્થિતિ હશે તેનો ચિતાર આપી જાય છે.

## નેહરુ યુવા કેન્દ્રમાં સ્વયંસેવકની અરજી માટે તારીખ લંબાવાઈ

ગાંધીનગર, તા.૧૧

ભારત સરકારના યુવા બાબતો અને રમત મંત્રાલય હેઠળના ગાંધીનગર ખાતેના નેહરુ યુવા કેન્દ્ર દ્વારા અગાઉ રાષ્ટ્રીય યુવા સ્વયંસેવકોની પસંદગી માટે અરજીઓ મંગાવવામાં આવી છે. ગાંધીનગર જિલ્લાના તમામ બ્લોક માટે પસંદગી કરવામાં આવશે. પસંદ કરેલા રાષ્ટ્રીય યુવા સ્વયંસેવકોને તેમના એક વર્ષના કાર્યકાળ માટે દર મહિને રૂ.૫ હજારની માનદ રકમ ચૂકવવામાં આવશે. વર્ષ ૨૦૨૩-૨૦૨૪ અને ૨૦૨૪-૨૦૨૫ માટે રાષ્ટ્રીય યુવા સ્વયંસેવકો માટે ૧૮ વર્ષથી ૨૯ વર્ષની વયજૂથના યુવાનો અરજી કરી શકે છે. નિયમિત વિદ્યાર્થીઓ અથવા નિયમિત નોકરી ધરાવતી વ્યક્તિઓ રાષ્ટ્રીય યુવા સ્વયંસેવક માટે લાયક નથી. અરજી કરવાની છેલ્લી તારીખ ૩જી મે ૨૦૨૩ સુધી લંબાવવામાં આવી છે. અરજી કરવા માટે યુવાનો વેબસાઈટ nyks.nic.in પર જઈ શકે છે અથવા મોબાઈલ નંબર ૯૪૨૭૫૮૩૩૨૨ પર કૉલ કરી શકે છે.

# ઉનાળાની રજાઓમાં સાઉથ એશિયા ફરવા જવાનો ક્રેઝ

ગાંધીનગર, તા. ૧૦

થોડાક દિવસોમાં હવે વેકેશન પડશે. વેકેશન પડતાં જ ગુજરાતીઓએ હરવા ફરવા જવાના પ્લાન ગોઠવી દીધા છે. આ વર્ષે સાઉથ એશિયાના દેશોમાં ફરવા જવાનો ક્રેઝ વધ્યો છે. વિયેટનામની સીધી ફ્લાઈટ શરૂ થતાં ઘણા ગુજરાતી પરિવારો વિયેટનામ ફરવા જવાનુ પ્લાનીંગ કરી રહ્યા છે. પૂર્વ ભારતના રાજ્યોમાં ફરવા જનારાઓની સંખ્યા વધતી જાય છે.

**ગુજરાતમાં સાસણગીર તો ભારતમાં પૂર્વ ભારતના રાજ્યોમાં ફરવા જનારાઓ વધ્યા : હિમાચલ પ્રદેશના હરવા ફરવાના સ્થળોએ ભારે ભીડ થશે**

ઉનાળાનુ લાંબુ વેકેશન એટલે હરવા ફરવાની મોજ. બાળકોને શાળાઓમાં રજા પડતાં જ હરવા ફરવાના પ્લાન ગોઠવાઈ જાય છે. વધુ પૈસા ખર્ચી શકે તેઓ વિદેશ પ્રવાસ અને ઓછો ખર્ચ કરવો હોય તો સ્થાનિક પ્રવાસન સ્થળોને પસંદ કરવામાં આવે છે. કોરોના કાળ બાદ આ એવુ પહેલુ વર્ષ છે જેમાં લગભગ કોઈ દેશમાં હરવા ફરવાના કડક નિયમો નથી. આથી ગુજરાતીમાં વિદેશ પ્રવાસનો ક્રેઝ વધ્યો છે. અન્ય લોકોની તુલનાએ ગુજરાતીઓ હરવા ફરવાના વધુ શોખીન છે.



વિદેશ પ્રવાસમાં આ ઉનાળે સાઉથ એશિયા ફરવા જવાનો ક્રેઝ વધ્યો છે. મધ્યમવર્ગીય પરિવારો પણ થાઈલેન્ડ, સિંગાપોર અને મલેશિયા જવાનુ પસંદ કરે છે. જેમને નેચર ગમે છે અને માત્ર રીલેક્સ થવાનો ઈરાદો રાખે છે તેઓ માલદિવ્સ વધુ પસંદ કરી રહ્યા છે. ગુજરાતીઓએ આ વર્ષે એક નવુ જ સ્થળ એક્સપ્લોર કર્યુ છે. ક્યારેય વિચાર્યુ ન હોય તે વિયેતનામ દેશના હરવા ફરવા જનારાઓ વધ્યા છે. વિયેતનામની સીધી ફ્લાઈટ શરૂ થતાં વિયેતનામના રેનોઈ, હોલોંગ, ક્રુઝ, દનાંગ જેવા સ્થળો ફેવરીટ ડેસ્ટીનેશન બન્યા છે. વધુ પૈસા ખર્ચી શકે તેમ હોય તેવા પરિવારોમાં આજે પણ યુરોપ-અમેરિકા હોટ ફેવરીટ છે.

જે પરિવારો ભારતમાં નવા સ્થળો એક્સપ્લોર કરવા ઈચ્છે છે તેઓ નોર્થ ઈસ્ટના રાજ્યોમાં ફરવા જવાનુ પસંદ કરે છે. નોર્થ ઈસ્ટના બોમડિયા, તવાંગ, ભાલુકપોંગ અને છેક ચાઈના બોર્ડર સુધી ફરવા જનારાઓએ બુકીંગ કરાવી લીધા છે. સાઉથ ઈન્ડિયાના હીલસ્ટેશનો કુર્ગ અને કાબિની પણ ઘણા પરિવારો ફરવા જવાનુ પ્લાનીંગ કરી રહ્યા છે. ઉત્તર ભારતના તમામ હીલસ્ટેશનો તો જાણે ગુજરાતીઓના હોટ ફેવરીટ બન્યા છે. ગુજરાતમાં સૌરાષ્ટ્રના સાસણગીર ઉપરાંત ધાર્મિક અને દરિયાકિનારાના પ્રવાસન સ્થળો પણ અત્યારથી જ પ્રવાસીઓથી ઉભરાઈ રહ્યા છે.